


## સલામી સવારની..

ગુંડાઓ સિવાય તો ઉમેદવારો મળશે ક્યાંથી ?
પછી પક્ષોને વિજયી બહુમત મળશે ક્યાંથી ?
મળશે ક્યાંથી સ્વચ્છ સંનિષ્ઠ પ્રમાણિક નેતાઓ -
ચૂંટણી જીતે એવા ધનકૂબેર મળશે ક્યાંથી ??

હાઈકુ

લગાડો તાળાં
બહુ આંખ કાઢે તો -
ચૂંટણી પંચે...

'કરો વખાણ'
નેતા ને કહેવાય ?!
ગંધાય મોઢું...

### ચિંતન

**નાહં દેહો ન મે દેહો જીવો નાહમ્ અહમ્ હિ ચિત્ત ।
અયમ્ એવ હિ મે બંધ આસીધા જીવિતે સ્પૃહા ॥**

ઉપરોક્ત શ્લોક 'સંસ્કૃત સુભાષિત ભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.

હું દેહ નથી ને દેહે મારો નથી, હું જીવ પણ નથી, હું ચૈતન્ય છું, આજે જે જીવવાની ઈચ્છા, એ જ મારા માટે ખરેખર તો બંધન નથી.

અહીં સ્પષ્ટ રીતે કહે કે હું આ દેહ નથી. તેમજ દેહ મારો નથી. હું તો માત્ર સાક્ષી છું. ચૈતન્ય છું, દેહ નથી તો દેહમાં રહેલો જીવ પણ નથી, કારણ કે પરમ તત્ત્વનો અંશ દેહમાં હોય તેને જીવ કહે છે, જેમ ઘડો ન હોય તો ઘટાકાશ પણ ન હોય! જીવ અને દેહ સાપેક્ષ છે. એટલે જ કહે છે કે જીવ પણ નથી. જે છે તે ચૈતન્ય જ છે. ચેતના જ છે. એ જ સાક્ષી છે.

માણસની જિજીવિષા-જીવવાની ઈચ્છા જ મોહમાયાનાં બંધનથી જીવને બાંધે છે. ધન-સંપત્તિ,સગા-વ્હાલામાં જીવવાની ઈચ્છા જ મમતાથી જીવને બાંધે છે.

બાકી આત્મા ચૈતન્ય સ્વરુપ છે. શરીરએ જીવ નથી અને જીવ ચૈતન્ય નથી પણ જીવનું ધ્યેય ચૈતન્ય સ્વરુપ થવાનું હોવું જોઈએ.

### સુવિચાર

- આયે હો નિભાને કો જબ, કિરદાર જમીં પર, કુછ ઐસા કર ચલો કિ જમાના મિસાલ દે - **ગુલઝાર**
- એમને તો પહોંચી વળીએ જેમની સાથે પેઢીઓથી વેર છે,
  પણ એમને કેમ પહોંચવું કે જેમની નજરમાં જ ઝેર છે - **જય મહેતા**
- જેમને મન લોભ લાલચ જિંદગીનો અંત છે, આદમી તુચ્છ નથી એ માનજો કે સંત છે - **ભૂપેન જીગર**
- કંઈક સહન કરતાં પણ શીખવું જોઈએ કારણ કે
  આપણામાં પણ એવી ઘણી ખામીઓ છે જે બીજા સહન કરે છે - **મોરારિ બાપુ**
- દર્દમાં જયારે પુરુષની આંખ ભીની થાય, અને તકલીફોમાં જયારે સ્ત્રી હસતી દેખાય ત્યારે સમજવું કે દર્દ બધી પરિસ્થિતિ વટાવી ચૂક્યું છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- દરેક 'અનુભવ' યાદ રાખશો તો આ 'ભવ' સુધરી જશે - **ડો. વિજળીવાળા**
- આજનું ઔષધ : એક ચમચી જેટલું એલોવીરા જેલ એક ગ્લાસ નવશેકા પાણીમાં ઘોળીને પીવાથી કબજિયાત મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત પાસે પોપટનું ટોળું આવ્યું. એમણે સંતને કહ્યું, 'અમને કોઈ એવો ઉપાય બતાવો કે શિકારી અમને પકડી ન શકે' સંતે કહ્યું, 'જયારે શિકારી આવે જાળ પાથરે ત્યારે તમારે બોલવાનું કે, શિકારી આવ્યો, જાળ બિછાવી, દાણા નાખ્યા. પણ લોભમાં ફસાઈ ન જતા : 'સંતના આ શબ્દોનું દરેક પોપટે રટણ કરી નાખ્યું.' શિકારી આવ્યો. બધા પોપટે સંતે શીખવાડેલા શબ્દો બોલવા લાગ્યા. શિકારી મુંઝાઈ ગયો એને થયું કે પોપટો સમજદાર થઈ ગયા અને મારી જાળમાં ફસાશે નહીં, એણે જાળ પાછી લઈ લીધી અને ઘરે ગયો. પત્નિને પોપટ સમજદાર થઈ ગયાની વાત કરી શિકારીની પત્ની બુદ્ધિશાળી હતી. તેણે કહ્યું, 'પોપટ તમને જોઈને જે કંઈ બોલ્યા હતા તે ફક્ત રટણ હતું. એ વાક્યોનો અમલ કરવાની એમની બુદ્ધિ નથી, તમે કાલે ફરી એ જ જગ્યાએ જજો અને જાળ પાથરજો. દાણા નાખજો. પોપટ જરૂર દાણા ખાવા આવશે અને જાળમાં ફસાશે.' શિકારી જંગલમાં પહોંચ્યો. જાળ પાથરી, દાણા નાખ્યા. પોપટ પેલા સંતે શીખવેલા વાક્યો બોલવા મંડ્યા. પણ તેમણે એ વાક્યો પર અમલ ન કર્યો. અને દાણા ખાવા લાગ્યા. પોતાને લોભમાં ફસાતા રોકી ન શક્યા અને જાળમાં ફસાયા. બધા પોપટ પાંજરે પૂરાયા છતાં પણ પોપટ સંતે શીખવેલા વાક્યો બોલી રહ્યા હતા. એટલે કેવળ રટણથી ફાયદો ન થાય. એના પર અમલ કરવાથી જ લોભથી બચી શકાય.

# પાડોશી દેશો સાથે ગેરસમજો દૂર કરવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

નાગરિકતા સંશોધન કાનૂનમાં ત્રણ પાડોશી ઈસ્લામિક દેશોના લઘુમતી સમાજના લોકોને ભારતની નાગરિકતા આપવા સંદર્ભે જે રાહત અપાઈ છે એનો અર્થ તે દેશો ઉપરાંત તુર્કી - મલેશિયા અને ઈંગ્લેન્ડ - અમેરિકા સહિત યુનોએ પણ મુસ્લિમોને ટાર્ગેટ કરાઈ રહ્યા છે - એવો કરી નાખ્યો છે. જામિયાથી શરૂ થયેલ વિરોધ પ્રદર્શન જામા મસ્જિદથી લઈ દેશભરના મુસ્લિમો સુધી પહોંચ્યું છે. શાહીનબાગમાં મુસ્લિમ પ્રદર્શનકારીઓએ સવા બે મહિનાથી અડિંગો લગાવ્યો હતો. જેમાં હિંદુ ધર્માવલંબી બૌદ્ધિકો અને શીખો ઉપરાંત સવિસેષ દિલ્હીની વિદ્યાર્થીઆલમના પ્રતિનિધિઓ ઊમટી પડ્યા હતા. શાહીનબાગ સામે તીખાં વાગ્બાણ છોડવાનું તત્કાલીન પક્ષ પ્રમુખ અમિત શાહથી લઈ દિલ્હી ભાજપના વડા સુધી કોઈએ બાકી નહોતું રાખ્યું. દિલ્હીની પ્રજાએ એમને આવાં બેહૂદાં નિવેદનો કરી ભાઈચારો વણસાવવાને બદલે કેજરીવાલની જેમ માત્ર વિકાસ કાર્યો કરવાનો મેસેજ આપી દીધો હોવા છતાં બટકબોલા ગિરિરાજસિંહે ફરી એક વાર પોતપ્રકાશ્યું છે. એમને આ દેશની તમામ સમસ્યાઓ મુસલમાનોને કારણે જ ઊભી થતી હોય એવું માની લીધું છે. દેશના વિભાજન વખતે દેશના મુસ્લિમોને પાકિસ્તાનમાં રવાના કરી દેવાની જરૂર હતી - એવું ખોંખારીને મોદીની કેબિનેટના આ બિહારી મંત્રી બોલે છે ત્યારે એનો બિહાર વિધાનસભાની આગામી ચૂંટણીમાં કેવો પડઘો પડશે તે ખુદ ત્યાંના ભાજપના સર્વોચ્ચ નેતા સુશીલ મોદી સુપેરે સમજે છે અને નીતીશકુમાર માટે આ ભાજપી કેન્દ્રીય મંત્રી કેવી શિરોવેદના સરજી રહ્યા છે તે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સમજે છે. શાહીન બાગના દેખાવકારોએ નોઈડા સહિતના રસ્તાઓ બ્લોક કરી દીધા હતા, જેની સામે છેક સુપ્રીમ કોર્ટમાં ધા નાખવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પ્રદર્શનકારીઓના વિરોધ કરવાના બંધારણીય હકનું સમર્થન કર્યું હતું પરંતુ એથી પ્રજાજનોને પડતી મુશ્કેલી સામે લાલ આંખ કરી હતી. છેવટે મધ્યસ્થી તરીકે નિમાયેલા બે મહાનુભાવોની વાત માનીને શાહીનબાગના પ્રદર્શનકારીઓએ બ્લોક કરેલા રસ્તા ખુલ્લા કરી આપ્યા છે તે એમની સમજણ અને શાણપણ દર્શાવે છે. મુસ્લિમોના બની બેઠલા આકા અને હૈદરાબાદના સાંસદ ઓવૈસી એમનાં ઝેરીલાં પ્રવચનો માટે જાણીતા છે. એમની સભામાં એક હિંદુ યુવતીએ 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવી એમને મૂંઝવણમાં મૂકી દીધા છે. પોલીસે એ યુવતી સામે રાષ્ટ્રદ્રોહનો ગુનો દાખલ કરી એની ધરપકડ કરી છે. કાશ્મીર અને મુસલમાનો જેવા મુદ્દાઓ પર પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત વિરુદ્ધ ઝેર ઓકતું રહ્યું છે. શું આગામી સમયમાં બે પાડોશી રાષ્ટ્રો વચ્ચે આવું જ વૈમનસ્ય કાયમ રહ્યા કરશે ? એક તરફ ટ્રમ્પ માટે લાલ જાજમ પાથરવા સુધીની વ્યવસ્થા કરાય, ચીનના રાષ્ટ્રપ્રમુખને ઝૂલે ઝુલાવાય, તો પાડોશી દેશો સાથે દુશ્મનાવટ ઓછી કરવી ડહાપણભર્યું પગલું ગણી શકાય.

## આદમી કો ખ્વાબ દેખને ચાહીએ પર અપની ઔકાત ઔર હૈસિયત કે હિસાબ સે...




**આદમી કો ખ્વાબ દેખને ચાહીએ પર અપની ઔકાત ઔર હૈસિયત કે હિસાબ સે...**
**- બેતાબ**

૧૯૮૩માં આવેલી ફિલ્મ 'બેતાબ' રાહુલ રવૈલ દ્વારા દિગ્દર્શિત હતી. સની દેઓલ અને અમૃતા સિંહની આ પ્રથમ ફિલ્મ હતી જે બ્લોક બસ્ટર રહી હતી. ખાસ કરીને આર.ડી.બર્મન નું સંગીત અને જાવેદ અખ્તરની આ વાર્તાને લોકોએ વધાવી લીધી હતી. આ ફિલ્મનાં સંવાદ પણ જાવેદ અખ્તરે જ લખ્યા હતા. તે વર્ષની આ બ્લોકબસ્ટર ફિલ્મ સાબિત થઈ હતી.૧૯૮૭માં આ ફિલ્મની તેલુગુ અને ૨૦૧૧માં આ ફિલ્મની કન્નડ રીમેક બનાવવામાં આવી.ઘણાં ઓછા લોકોને ખબર હશે કે આ ફિલ્મમાં નાના સન્ની દેઓલનાં પાત્રને સોનુ નિગમે ભજવ્યું હતુ.

ફિલ્મમાં આ સંવાદ શમ્મી કપૂરના મુખે બોલાવાયો છે. એક મુફલિસ છોકરો સન્ની દેઓલ એક ધન-કુબેર શમ્મી કપૂરની દિકરી અમ્રિતા સિંહને પ્રેમ કરે છે, ત્યારે શમ્મી કપૂર સન્ની દેઓલને આ સંવાદ કહે છે.

આમ જોવા જઈએ તો આ વાત આપણા સંસ્કૃત ગ્રંથોમાં ઘણા વર્ષો પહેલા જ કહેવાઈ ગઈ છે.

શુદ્રક વિરચિત પ્રકરણ નાટક "મૃચ્છકટિક"માં આ જ પ્રકારનો સંવાદ સંવાહકના મુખે આશરે ૧૮૦૦ વર્ષ પહેલા બોલાવાયો હતો.

**યે આત્મબલં જ્ઞાત્વા ભારં તુલિતં વહતિ મનુષ્યઃ ।
તસ્ય સ્ખલનં ન જાયતે ન ચ કાન્તારગતો વિપદ્યતે ॥**

પોતાનું બળ જાણીને જે માણસ ગજા પ્રમાણે ભાર વહે છે તેને આફત આવતી નથી, અને જંગલમાં ગયેલો હોય તો ય નાશ પામતો નથી.

૧૦ અંકનું આ પ્રકરણ નાટક તે સમયની વિદ્રોહી અને વાસ્તવવાદી કૃતિ હતી. કાલિદાસનાં એ ઉપમા અને રુપકો નાં સમયમાં જ્યાં કાવ્યસૌદર્ય અને અલંકારિક પરંતુ અવાસ્તવિક લાગે તેવા નાટકો લખાતાં હતા હતા,ત્યારે મહાકવિ શુદ્રકે વાસ્તવિક પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને એક ગણીકા અને બ્રાહ્મણનાં પરિણયને દર્શાવ્યો હતો. ભરતમુનિનાં નાટ્યશાસ્ત્રનાં નિયમોનો ભંગ કરીને પણ એકદમ વાસ્તવિક થીમ પર નાટક રચવાનું સાહસ શુદ્રકે કરી દેખાડ્યું હતુ.

સાહિત્યને સીમાડા નડતા નથી, એ પછી શૂદ્રક હોય કે જાવેદ અખ્તર!! પણ સંસ્કૃત સાહિત્ય એ બધા જ સાહિત્ય અને કથાનકો પર પોતાનો પ્રભાવ છોડ્યો છે, તે તો આપણે માનવુ જ રહ્યું.

આ જ નાટક પરથી શશી કપુરે ગિરીશ કર્નાડના દિગ્દર્શનમાં રેખા અને શેખર સુમન અભિનિત 'ઉત્સવ' નામની એક ફિલ્મ બનાવી હતી, જો કે મૂળ કથા સાથે દિગ્દર્શકે ઘણાં ચેડા કર્યા હતા.

- jayuoza@gmail.com
Mo.9898046488

## ૨૩મીએ ચિલ્ડ્રન યુનિ.માં પુરસ્કાર સમારોહ યોજાશે




વૃત્તસંચય

- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર સહિત, શિક્ષણ અને સાહિત્યની સર્વ સંસ્થાઓમાં પ્રફુલ્લન પ્રવર્તે તે દષ્ટિએ સ્વાયત્તતાના લોકશાહી મૂલ્ય પરત્વે જનજાગૃતિ અને સક્રિયતા પ્રેરવા, ગુજરાતી સાહત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહ, અમદાવાદમાં તા. ૧લી માર્ચ, ૨૦૨૦ને રવિવારે બપોરે ૨.૦૦ કલાકે ગુજરાત વ્યાપ્ત સ્વાયત્તતા સંમેલનનું આયોજન, ગુજરાતી સાહિત્ય પરિષદે કર્યું છે; તેમાં 'ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત હોવી જોઈએ.' એવું માનનાર સૌ સાહિત્યકાર, સાહિત્યરસિકો/ભાવકો, મહાનુભાવોને સહભાગી થવા ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.
- 'વિશ્વ માતૃભાષા ગૌરવ દિન'ને અનુલક્ષીને ચિલ્ડ્રન યુનિ, ગાંધીનગર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સજજનતા, સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે વિવિધ શ્રેણીઓમાં આપેલ યોગદાન માટેના પુરસ્કરોથી તા. ૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૦ને રવિવારના રોજ સાંજે ૭.૩૦ વાગે, ચિલ્ડ્રન યુનિ.નાં પ્રાંગણ,સેકટર-૨૦, ગાંધીનગર ખાતે નવાજવામાં આવશે, જેમાં લેખક, સફળ નવલ કથાકાર ધ્રુવ પ્રબોધરાય ભટ્ટ, કવિ, ગઝલ ગીત અછાંદસ બાળકાવ્યો, ઉખાણાના ખેડનાર જિગર જોષી 'પ્રેમ' તથા 'વિદ્યાર્થીઓ' - એમ.એ. સંસ્કૃત - અભ્યાસરત કુ.રાધા મહેતા અને શ્રીમતી પી.ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય, અંકલેશ્વરને કવિશ્રી તુષાર શુક્લના અતિથિવિશેષ સન્માનવામાં આવશે. લોકગાયક ભીખુદાન ગઢવી (ગાંધીનગર) રસપ્રદ અને સંગીતમય (ડાયરો) પ્રસ્તુતિ કરશે. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ હર્ષદભાઈ શાહે ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# ગાંધીજીના ઉત્તરાધિકારી : બાબુભાઈ જ. પટેલ




શિયાળાની વિદાય લેતી ઠંડીના સમયમાં એક પુણ્યશ્લોક વ્યક્તિનું સ્મરણ ઉષ્મા અને ઉત્સાહનો ભાવ પ્રગટાવી જાય છે. બાબુભાઈ જશભાઈ પટેલ નામના આ મહાનુભાવને જગત સ્નેહથી બા. જ. પટેલ તરીકે ઓળખે છે અને અંતરથી આદર કરે છે. ચરોતરની વીરભૂમિએ સરદાર સાહેબની ભેટ જગતને ધરી તે તો સદાકાળ યાદગાર રહે તેવી વિરલ ઘટના છે. આજ ભૂમિએ બા. જ. પટેલ અને ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)ની અભૂલ્ય સોગાદો ગુજરાતના જાહેર જીવનના ચરણે ધરી છે. એ બાબત પણ કદી વિસ્મૃત થાય તેવી નથી. બાબુભાઈ ગુજરાતના ઘડતરનો પાયો મજબૂત કરીને ગયા તો ભાઈકાકા વલ્લભવિદ્યાનગરનું નિર્માણ કરીને સરદાર સાહેબનું ખરા અર્થમાં તર્પણ કરીને ગયા. જાહેર જીવનના આગેવાનો તરફ વિશાળ સમાજની દ્રષ્ટિ મંડાયેલી હોય છે. સામાન્ય લોકો તેમનામાં રોલ મોડેલની શોધ કરતા હોય છે. આ પ્રક્રિયામાં લોકો કેટલીકવાર નિરાશા પણ અનુભવતા હોય છે, પરંતુ ગુજરાતના ઘડવૈયાઓમાં જેમણે બાબુભાઈ તરફ પ્રેરણા માટે જોયું છે તેઓ કદી નીરાશ થયા નથી. જળકમળ સમાન બા. જ. પટેલ સત્તામાં રહીને પણ સત્તાના પ્રભાવથી જોજનો દૂર રહેલા છે. યુરોપના કેટલાક દેશોમાં સત્તામાં રહેલા લોકો સામાન્ય જનસમૂહ સાથે રેસ્ટોરન્ટ કે શોપીંગ મોલમાં દેખાય છે. ઉદાહરણ તરીકે જર્મનીના ચાન્સેલર સુ.શ્રી એંઝેલા માર્કેલના આવા પ્રસંગો અવારનવાર સાંભળીએ છીએ. આ પ્રકારના જીવનક્રમવાળું વ્યક્તિત્વ ગુજરાતમાં શોધવું હોય તો પુણ્યશ્લોક બાબુભાઈનું સૌથી પ્રથમ સ્મરણ થાય છે. જનસામાન્યથી તેઓ જોડાયેલા જોડાયેલા રહ્યા છે. બા. જ. પટેલ ખરા અર્થમાં ગાંધીના ગોવાળ છે. કુટુંબના સંસ્કાર ઉપરાંત બાપુની પ્રેરણાથીજ તેઓ સામાજિક જીવનના કામોમાં જોડાયા હતા.


આઝાદી મળ્યા બાદ જે રાજકીય નેતૃત્વ પ્રાપ્ત થયું તે ગાંધીના રંગે રંગાયેલા નેતાઓનું હતું. આથી તેમની કાર્ય તરફની નિષ્ઠા તેમજ સામાન્ય લોકો તરફની લાગણીમાં ગાંધી સંસ્કારના દર્શન થતા હતા. સાદગી તેમના વ્યવહારમાં સહજ રીતેજ દેખાતી હતી. આથી જ્યારે સ્વતંત્ર દેશનો વહીવટ તેમને કરવાનો આવ્યો ત્યારે મહદઅંશે દરેક નેતાએ એક એક પાઈની ગણતરી કરીને વહીવટ ચલાવવાનો પ્રયાસ કર્યો. ભભકાવાળા તેમજ બાહ્ય દ્રષ્ટિએ પ્રભાવી જણાય તેવા આયોજનોથી તેઓ દૂર રહેવાનું પસંદ કરતા હતા. જોકે કાર્યક્ષમતાની રીતે તેઓ જરાયે ઓછા કે ઉતરતા ન હતા. ઉદાહરણ તરીકે સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈને લઈ શકાય. ઢેબરભાઈએ મુખ્યમંત્રીના હોદ્દા જોગ બંગલાને બદલે બે રૂમ ધરાવતા દેશી નળિયાવાળા ઘરમાં રહેવાનું પસંદ કર્યું. સાદગી તેમજ સરળતામાં તેમની કાર્ય કરવાની સૂઝ ધરબાઈને પડી હતી. આજ ઢેબરભાઈએ જમીનોની વહેંચણી અંગે ક્રાંતિકારી કાયદાઓ કરીને લાખો ગણોતિયાઓને જમીન માલિકીના હક્ક અપાવ્યા. નાના અને નવા રાજયની ડામાડોળ આર્થિક સ્થિતિને સુધારી અને મજબૂત કરી. ગાંધી યુગની અસરવાળી આ પેઢીએ શાસનમાં પણ ગાંધીની નીતિ રીતિ અપનાવી. આ પ્રભાવી પરંપરાનો મજબૂત પાયો ડૉ. જીવરાજ મહેતાએ સંપૂર્ણ નિષ્ઠાથી નાખ્યો હતો. બા. જ. પટેલ પણ આ ઉજળી પરંપરાના એક મજબૂત મણકા સમાન હતા. બાબુભાઈ એ રાજકારણના નહિ પરંતુ પ્રજાકારણના માણસ હતા. સરદાર સાહેબની બાબુભાઈને પારખી લેવાની શક્તિને કારણે બા. જ. પટેલ આપણાં જાહેર જીવનને મળી શક્યા.

બાબુભાઈ સાથે કામ કરનારા લોકો તેમની ચીવટ તેમજ અભ્યાસવૃત્તિ માટે તેમને કદી ભૂલી શકે તેમ નથી. તર્કબધ્ધ દલીલો તેમજ ચર્ચના વિષય અંગેની સ્પષ્ટ સમજ તે તેમની ખાસીયત હતી. દેશમાં ૧૯૭૫ માં લાદવામાં આવેલી કટોકટીના કારણે દેશભરમાં નાગરિક જીવનને સંબંધિત અનેક બાબતો પણ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. વિચારોની અભિવ્યકિત પર રાજયના તંત્રની સતર્ક નજર રહેતી હતી. આ સંજોગોમાં પણ ગુજરાતનો વહીવટ એ નાગરિક સ્વાતંત્ર્યની બાબતમાં વિશષ્ટ સ્થાન ધરાવતું હતું. આ સ્થિતિનો યશ બા. જ. પટેલની દીર્ઘદ્રષ્ટિ તથા તેમના પર પડેલા પડેલા ગાંધી વિચારની અસરને જાય છે. ગાંધીનગર શહેરના નિર્માણમાં બાબુભાઈનો સિંહફાળો રહેલો છે. કોઈ એક નવા શહેરના નિર્માણમાં અનેક લોકોને વિસ્થાપિત થવાનો પ્રસંગ ઊભો થાય છે. વિસ્થાપિતોના પ્રશ્નો વિશિષ્ટ હોય છે. સહાનુભૂતિ તેમજ સંવેદનશીલતા સિવાય વિસ્થાપિતોના પ્રશ્નો ઉકેલી શકાતા નથી. આ બાબતનું કાર્ય અનેક વર્ષો સુધી ચાલ્યું. આમ છતાં એ સમગ્ર કામગીરીમાં બા. જ. પટેલની નિષ્ઠા તેમજ કાર્યક્ષમતાનું અનેક ઘટનાઓમાં દર્શન થયા કરે છે. મુખ્યમંત્રી પદ પરથી મુકત થયા બાદ ગણતરીના દિવસોમાંજ ગાંધીનગરના બસ સ્ટેન્ડ પર બા. જ. પટેલ અમદાવાદ જવા માટે એક સામાન્ય પેસેન્જરની જેમજ ઊભેલા જોવા મળે તે ઘટના કદાચ ભવિષ્યમાં ઘણા લોકોના ગળે નહિ ઉતરી શકે. સત્તા પર રહેલા લોકોમાં સત્તાના કારણે પ્રભાવ ઊભો કરવાનો કોઈ પ્રયાસ ગાંધીના રંગે રંગાયેલા આગેવાનોએ કર્યો નથી. પ્રજાએ આવા લોકોને અંતરના આદરથી વધાવ્યા છે તે આ નેતાઓની કર્તવ્યનિષ્ઠાને કારણે થયેલું છે.

ગાંધીયુગના આ નેતાઓમાં સત્તા કે સુવિધા માટેની સહેજ પણ આસકિત ન હતી. બાબુભાઈ મુખ્યમંત્રી પદ પરથી વિદાય થયા કે તરતજ સરકારી આવાસ ખાલી કરવાની તેમણે તત્પરતા દાખવી. આજના સંદર્ભમાં આ હકીકત જોઈએ તો જાહેર જીવનમાં પડેલા અનેક આગેવાનો સત્તા પરથી ઉતરી ગયા બાદ પણ સરકારી આવાસ ખાલી કરતા નથી. સાંસદ મટી ગયા બાદ કેટલાક આવાસો ભૂતપૂર્વ સાંસદો ખાલી કરતા નથી. કેટલાક લોકોને મકાન ખાલી કરાવવા માટે વહીવટીતંત્રે કોર્ટમાં કોર્ટમાં જવું પડે છે. આ પ્રકારના દાખલાઓ લોકોની દ્રષ્ટિએ આવે ત્યારે બા. જ. પટેલ જેવા નેતાઓનું વિશેષ મૂલ્ય સૌ કોઈ સમજી શકે છે. હક્કની જગ્યાએ ફરજનેજ વિશેષ મહત્વ આપનાર આ નેતાઓ આપણું સદાકાળ માર્ગદર્શન કરે તેવા છે. કવિ ઉમાશંકર જોશીની એક જાણીતી પંક્તિ બાબુભાઈના સંદર્ભમાં યાદ આવે છે.

ને ધૂરા વહે જનતાની જે અગ્રીણો
તે પંગતે હો સહુથીએ છેલ્લા.

# ગાંધીજીની મથામણ 'ઈતિહાસ વિહોણા'ને જોડવાની રહી






સમાજશાસ્ત્ર વિશેનું ચિંતન વિશ્વભરમાં ચાલી રહ્યું છે ધર્મ-સંપ્રદાય વર્ગ વગેરેની ચર્ચા અને સંશોધન વૈશ્વિક છે. આમ નાગરિકથી માંડીને રાજકીય નેતાઓ, પાત્રકારો, સામાજસેવકો, ધર્મગુરુઓ પણ સમાજ વિજ્ઞાનની જેમ સમાજનું વિશ્લેષણ કરતા રહ્યા છે અને કરતાં રહેશે. સમાજશાસ્ત્ર વિષય આજે વિશ્વની વિવિધ યુનિવર્સિટીઓમાં ભણાવાય છે, સંશોધનો થાય છે. પરંતુ આજે હવે એક એવી અનિવાર્યતા સામે આવી છે કે સમાજશાસ્ત્રીય રીતે વધુ મજબૂત અને પ્રભાવત બનાવવા માટે વિશ્વભરના સામાજિક વિજ્ઞાનીઓએ તમામ ઘટનાઓને તુલનાત્મક રીતે તપાસવી જોઈએ. ગૌતમ બુદ્ધ પછી દુનિયાભરમાં કોઈ એક વિચાર વાતો વ્યાપક રીતે મિત્રો હોય તો એ છે ગાંધીવિચાર. ગાંધી પોતે કોઈ સમાજસાસ્ત્ર વિષય ભણ્યા ન હતા કે સમાજશાસ્ત્રનું અધ્યાપન પણ કર્યું નહોતું. તેઓ આ કાયદાના વિદ્યાર્થી હતા પણ તેમનું જીવન સમાજના જીવન જનસામાન્ય સાથે ઓતપ્રોત રહ્યું હતું. પરિણામે તેઓના ચિંતનમાં જનસામાન્ય કેન્દ્રમાં રહે એટલું જ નહીં આ જનસામાન્યના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવાની રચનાત્મક કાર્યક્રમો પણ તેમને આદર્યા હતા. વર્તમાન સમયમાં જેને 'એકશન સોશિયોલોજી' તરીકે ઓળખવામાં આવે છે એના મૂળિયાં તો મો.ક. ગાંધીને નાખ્યા હતા એમ કહેવામાં અતોશયોક્તિ નથી. સ્વાતંત્ર્ય આંદોલનની સમાંતર ભારત જેવા પ્રાચીન દેશમાં જ્ઞાતિ, ધર્મ, મહિલાઓ -બાળકો, લગ્ન,અર્થજીવન વગેરે જેવા અનેક પાસાઓ જે સમાજશાસ્ત્રનો વિષયવસ્તુ છે તેમાં ગાંધીએ ખૂબ વૈવિધ્યતા સભર અને સાતત્યપૂર્ણ રીતે સતત લખ્યુ છે. આ લખાણને અને કદાચ સમાજશાસ્ત્રીય લખાણો તરીકે કોઈ ન સ્વીકારે પણ

## મહાત્મા ગાંધી : એક સમાજશાસ્ત્રી

એમાં સામાજિક ચિંતન તો ખરું જ એવું ચોક્કસ સ્વીકારે. ગાંધીજીના ૮૦થી વધુ અક્ષરદેહમાંથી ગ્રંથોમાં ગાંધીએ જે લખ્યું છે એ કોઈ પણ સમાજશાસ્ત્રના વિદ્યાર્થી કે અધ્યાપક માટે બહુ જ મોટું ભાથું છે.જેવી રીતે બાબાસાહેબ આંબેડકરના ચિંતનમાં સામાજિક અને આર્થિક મુદ્દાઓની સાથે પદદલિતો કેન્દ્રમાં છે એટલે આપણે આંબેડકરના વિચારોને જેમ આપણે Subalternઅભ્યાસોમાં સમાવ્યા છે. એ દષ્ટિએ ગાંધી પર Subaltern Studies નું કેન્દ્ર બની શકે અને બનવું જોઈએ. ગાંધીજીની જિંદગીભરની મથામણ 'ઈતિહાસ વિહોણા' માનવીને ઈતિહાસ સાથે જોડવાની રહી હતી.

આજે જયારે આપણે સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં ભૂમિકા, દરજ્જો, સહકારને સ્થાન આપ્યું છે ત્યારે તેણે ભણાવતી વખતે એમાં અપાતા ઉદાહરણ જો ગાંધીના જીવન સાથે જોડાયેલા હોય તો એ વિદ્યાર્થીને તરત સમજાઈ જાય એમ છે. ઉ.દા. તરીકે જોઈએ તો સ્ત્રીઓના દરજ્જાની વાત કરવાની હોય કે માણસની ભૂમિકા કેવી હોવી જોઈએ એની ચર્ચામાં ગાંધીના સ્ત્રી-પુરુષની સમાનતાની વાતમાં 'વૈષ્ણવજન' અચૂક યાદ આવે છે. એવી જ રીતે જો આપણે ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીના શરુઆતના દાયકાઓના ગુજરાત અને ભારતને ભણવું હોય તો ગાંધી ચિંતન અને ગાંધી વિચાર સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો હિસ્સો બને. સમાજશાસ્ત્રના વિવિદ અભ્યાસક્રમોમાં ગાધી પ્રવેશ કરીએ તો ઈતિહાસ સાથે વર્તમાન અને ભવિષ્યને પણ સાંકળી શકાય છે વિશ્વ શાંતિની ચર્ચામાં અહિંસા કેન્દ્રમાં હોય તો એક એક બાજુ નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ, સિસીલીના ગાંધી દાનીલો દોલચીની માંડીને બરાક ઓબામા સુધી ગાંધીપ્રભાવ છે. આ પ્રભાવ સમાજશાસ્ત્રના અભ્યાસોમાં અને ચર્ચાઓમાં આપણે ઉમેરીએ અને એમ કરતા ગાંધીની ટીકા-ટીપ્પણ કરીએ તેમ છતાં વાદ-વિવાદ-સંવાદનો તર્ક સુપેરે આપી શકાય.

ગાંધીના લખાણો કોઈ કલ્પના નથી તે બિહારમાં જાય, નોઆખલી જાય, પંજાબ જાય કે જાય દક્ષિણ ભારતમાં કે મુંબઈમાં ફરે, ગાંધીજી જે દર્શન આપે છે અને તેમનું તે શાબ્દિક વર્ણન નથી. ગાંધી તેનું અર્થઘટન પણ મૂકે છે. એ સમાજનું વિશ્લેષણ છે સામાજિક અર્થઘટન ઈતિહાસ અને વર્તમાન સાથેના વિશ્લેષણ સાથેનું છે આ સંદર્ભમાં ગાંધીને સમાજશાસ્ત્રી અથવા તો સામાજિક ચિંતક ચોક્કસ કહી શકાય.